રીયલ સિરીયલ

# હવે માત્ર ઠોકો તાલીથી કામ નહીં ચાલે !




2009થી ટીવી પર 'ઈન્ડિયાઝ ગૉટ ટેલેન્ટ' દર્શકો જોઇ રહ્યાં છે. નવી સિઝન આવી તેમાં તેમાં જજ તરીકે નવજોત સિંહ સિદ્ધુ, શાન, મલાઈકા અરોરા અને શોને હોસ્ટ હર્ષ લિંબાચિયા કરે છે. છેલ્લી સીઝનમાં કિરણ ખેર અને શિલ્પા શેટ્ટી જજ હતા. પરંતુ 'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ'ની નવી સીઝનમાં, આ બધા જજને બદલવામાં આવ્યા છે અને નવી સેલિબ્રિટીઓએ તેમનું સ્થાન લીધું છે. 10 સીઝન પછી કિરણ ખેર એ જજની ખુરશી છોડી દીધી.

'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ'ની પહેલી સીઝનથી જ કિરણ ખેર શોમાં જજ તરીકે જોવા મળી હતી. પરંતુ કિરણ આ સીઝનમાં જોવા મળી નહીં. આનું કારણ તેમની ખરાબ તબિયત હોઈ શકે છે. તમને જણાવી દઈએ કે અનુપમ ખેરની ફિલ્મ 'તનવી - ધ ગ્રેટ'ના સ્ક્રીનિંગ દરમિયાન કિરણ અનુપમના ટેકાથી ચાલતી જોવા મળી હતી.

સિદ્ધુને પણ લાગી રહ્યું છે કે કપિલ શર્મા શોમાં અને ઈન્ડિયાઝ ગૉટ ટેલેન્ટ શોમાં તફાવત છે. ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ માત્ર મનોરંજન માટે નથી, અહીં સાચા ટેલેન્ટને પારખવું પડે, તેમની જીવન વિશે સમજાવવું પડે. ઘણીવાર ફેમસ થવા માટે લોકો જોખમ લેતા હોય છે. કોઈ દુર્ઘટના ન થાય તેની પણ કાળજી લેવી પડે. આ બધી જવાબદારી શોના જજ સિદ્ધુ, શાન અને મલાઈકાની છે. અહીં વાત કરીએ સિદ્ધુની તો હવે સાચી કસોટી થશે. કેમ કે 'કપિલ શર્મા શો'માં કોઈ પણ વાતે હસવું અને શાયરી બોલવાથી હવે કામ ચાલી જતું. પણ ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ જેવા શોમાં લોકો ટેલેન્ટના દમ પર પર્ફોમસ આપતા હોય છે. ક્યારેક એટલા જોખમી કરતબો પણ કરતા હોય છે કે ન પૂછો વાત! હવે સિદ્ધુને માત્ર હસવાથી, ઠોકો તાલી! કે શાયરીથી કામ નહીં બને! તેને લોકોના ટેલેન્ટને પારખવા પડશે. જજ તરીકે સિદ્ધુની જવાબદારી હવે વધવાની તે નક્કી છે. હવે દર્શકોને જોવાનું કે સિદ્ધુ જજની જવાબદારીમાં સિદ્ધ થશે કે નહીં? ●

# રાની કોહિનુરનું દિલ કોણે તોડ્યું?



રાની કોહિનુર તરીકે ઓળખાતા બિગબોસ ફેમ અને 'કિસ દેસમે હૈ મેરા દિલ'થી જાણીતા થયેલા સુશાંત દિવગિકર એક્ટર, સિંગર અને LGBTQ+ એક્ટિવિસ્ટ છે. તે પોતાના ટેલેન્ટ અને LGBTQ+ની 'ગે આઈડેન્ટિટી' લઈને ઘણી ચર્ચામાં રહે છે. પરંતુ હમણા તેના ઓસ્ટ્રેલિયન પાર્ટનર સાથેના બ્રેકઅપને લીધે સ્પોટલાઈટમાં છે. જેને લઈને તેણે સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ પોસ્ટમાં કરી છે.

ફેબ્રુઆરી, 2024ની શરૂઆતમાં સુશાંતે તેના ઓસ્ટ્રેલિયન પાર્ટનર સાથેના રિલેશનશિપને જાહેર કરી. તેણે સોશિયલ મીડિયા પર તેઓના રોમેન્ટિક ફોટા શેર કર્યા, જે ખૂબ વાયરલ થયા હતા. પોતાના પાર્ટનર વિશે તેણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે,'તે ઓસ્ટ્રેલિયામાં રહે છે અને કામ કરે છે, પણ ઈન્ડિયન છે. હું ગમે ત્યાં જાઉં, ઈન્ડિયન જ પકડું!' બંને એક વર્ષથી એકબીજાને ઓળખતા હતા.

જોકે, તાજેતરમાં સુશાંતે બ્રેકઅપની જાહેરાત કરતાં એક ઈમોશનલ પોસ્ટમાં લખ્યું, 'કેટલાક સંબંધો જીવનભર ચાલે, કેટલાક નહીં. તું મારા જીવનમાં આવ્યો અને જીવનની સુંદરતા બતાવી. અલગ પરિસ્થિતિમાં આ ફોરેવર લવ હોત, પણ જ્યાં સુધી ચાલ્યું તે અદભૂત હતું!' સુશાંતે તેમાં નામ મેન્શન નથી કર્યુ અને બ્રેકઅપ પછી પણ પાર્ટનર માટે સન્માન રાખે છે. તેની આ પોસ્ટ પર ફેન્સે ખૂબ સપોર્ટ બતાવ્યો હતો.

આ પહેલાં પણ સુશાંતની રિલેશનશિપ ચર્ચામાં આવી હતી. 2015માં તે એક સાઉથ આફ્રિકન બિઝનેસમેન સાથે લાંબા સમયથી સાથે હતા. આ સંબંધ એન્ગેજમેન્ટ સુધી પહોંચ્યો, પણ પછી સમાપ્ત થયો. ●

# સચિવ જી અને રિંકી વચ્ચેના કિસિંગ સીન વિશે શું ક્હેશો જીતુ ભૈયા?

શો-બાજ

**જીતુ ભૈયા, સચિવ જીની ઓળખ પામેલા જીતેન્દ્ર કુમાર આ વીકમાં નવી રાક્ષસની ઓળખ બનાવવા આવી રહ્યા છે. OTT પર તેની ફિલ્મ ભાગવત ચેપ્ટર-1થી જેમાં તેની સાથે અરશદ વારસી પણ હશે. પરંતુ આજ સુધી જીતુ ભૈયાને જે કિરદારમાં જોયા તેની કરતા અલગ જોવા મળશે તેવું ખુદ જીતુ ભૈયા કહી રહ્યા છે. કલાકાર તરીકે જેટલો ઉમદા છે વ્યક્તિ તરીકે નાનકડી ઝૂપડીમાં રહેનાર અને IITથી યુટ્યૂબ અને હવે OTT પર અવ્વલ આવનાર જીતુ ભૈયાના જીતેન્દ્રવાળા કિરદારને જાણીએ**



**લોકો તમને 'જીતુ ભૈયા' તરીકે જ બોલાવે છે. આ નામ કેવું લાગે છે?**

આ ખૂબ આદર ભર્યું લાગે છે. એક ઈન્ટરવ્યુમાં, મેં કહ્યું હતું કે 'જીતુ ભૈયા' કહેવાથી લાગણી અને આદર બંને ફીલ થાય છે - લોકો ફક્ત પાત્રને જોતા નથી, તેઓ એ કાલ્પનિકતાથી આગળ એક કનેક્શન અનુભવે છે. જ્યારે ફેન્સ આ નામથી મને તે કહે છે, ત્યારે તે એક જવાબદારી અને અફેક્શન પણ છે.

**તો એ ઓન-સ્ક્રીન 'ભૈયાને'ના પર્સનલ લાઈફ સાથે કેવી રીતે જોડો છો?**

ઘણા ઈન્ટરવ્યુમાં હું મારી નિષ્ફળતાઓને યાદ કરીને શરૂઆત કરું છું, મારી જાતને યાદ અપાવવા માટે કે હું ક્યાંથી આવ્યો છું. હું નથી ઈચ્છતો કે ખ્યાતિ મને સંઘર્ષો, શંકાઓ, નાના પગલાં ભૂલી જાય. તેથી હું એક મજબૂત પાત્ર બનવા માંગુ છે જે આ ભૈયા છે.

**તમે એક સમયે જંગલમાં 'ઝૂપડી'માં રહેતા ને 11 વર્ષની ઉમરે તમે 40 રૂ. પગાર મળતો એ વિશે અમને કહો.**

હા, તે યાદો હજી સચવાયેલી છે. અમારી પાસે એક ઝૂંપડું અને વધુ એક ઘર હતું અને મહિનાઓ સુધી તે ઝૂંપડામાં જ અમે સૂતા હતા. મને યાદ છે કે મને આશ્ચર્ય થતું હતું અને ક્યારેક અસ્વસ્થતા થતી હતી. બાળપણમાં, હું ઉનાળાના વેકેશનમાં દિવસનો 40 રૂ. પગારે ચિત્રકાર અને સુથારોને મદદ કરતો હતો - એ કામ તો હું જિજ્ઞાસા, જરૂરિયાત અથવા બંને માટે કરતો હતો. એ કામે મને કારીગરી અને પ્રયત્નો પ્રત્યે આદર આપતા શીખવ્યો. મારા પિતા ક્યારેક મને ઠપકો આપતા મારા આટલા વહેલા કામ કરવાની ચિંતા કરતા. પરંતુ મારા માટે, તે અનુભવના પાઠ હતા.

**IIT, એન્જિનિયરિંગ, પછી એક્ટિંગ! આ બધું કરવા માટે શું કારણ હતું?**

પહેલા તો આ બધું કરવું ક્યારેય સરળ નહોતું. IIT ખડગપુરમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએટ થયા પછી મેં એક મલ્ટીનેશનલ કંપનીમાં કામ કર્યું. તે સારું જ હતું. પરંતુ મારું હૃદય મને એક્ટિંગ, સ્ટોરીટેલિંગ, કેરેક્ટર તરફ ખેંચતું હતું. મેં સ્કીટ્સ, નાના નાટકો કર્યા અને TVF માં જોડાયો જ્યાં મને શરૂઆતની ભૂમિકાઓ મળી. મારું માનવું છે કે એક ક્ષણ આવે છે જ્યારે તમને લાગે છેઃ ઠીક છે, આ જ છે હમણાં બીજું કઈ જ નહીં. જો તમે એ જાણવામાં વિલંબ કરતા રહો છો, તો શંકાઓ વધુ તીવ્ર બને છે. મેં પગલું ભર્યું એક્ટિંગમાં આવવા. જોકે જરૂરી નથી કે દરેક આવું કરે જ- તમારે તમારી પોતાની થ્રેશોલ્ડ, તમારા જુસ્સાને જાણવો જોઈએ.

**સચિવ જી અને રિકી વચ્ચેના કિસિંગ સીન વિશે ખૂબ જ ચર્ચા થઈ, એ વિશે શું ક્હેશો?**

જ્યારે તે સીન શૂટ થયો, ત્યારે અમે ઈચ્છતા હતા કે તે અજીબ, ફની લાગે - કઈ જબરદસ્તીથી કે વધુ પડતું ડ્રામેટિક નહીં અને મેં તો આગ્રહ કર્યો કે પહેલા સાંવિકાની સંમતિ લેવામાં આવે. પછી અમે એક એવું વર્ઝન શૂટ કર્યુ જેમાં રોમાંસ કરતાં અજીબતા આવે. હવે એક અભિનેતા તરીકે, મને ઓન-સ્ક્રીન કિસ કરવાથી કોઈ સમસ્યા નથી (મેં તે પહેલાં કર્યું છે), પરંતુ દરેક વસ્તુ વાર્તાને અનુરૂપ હોવી જોઈએ. ખાલી તમાશો નહીં. તો જ તે કનેક્ટ થાય છે, તો બસ એટલું જ મહત્ત્વનું છે.

**તમારી આ સફરમાં, રિયલ લાઈફ મેન્ટોર કોણ રહ્યા છે?**

એમ સીધા અર્થમાં મારી પાસે એક પણ માર્ગદર્શક નથી, પરંતુ મેં ઘણા લોકો પાસેથી શાણપણ મેળવ્યું છે. TVFમાં, મારી આસપાસના લોકોએ મને પ્રોત્સાહન આપ્યું, મને ધક્કો માર્યો. દરેક પ્રોજેક્ટમાં, મેં દિગ્દર્શકો, સહ-કલાકારો, ટેકનિશિયન જોયા. હું શું કામ કરૂ અને શું ફ્લોપ જાય છે તેમાંથી શીખું છું. એક રીતે, જીવન પોતે જ ટીચર છે.

**ફેમ અને સક્સેસ વધી રહ્ય હોય ત્યારે તમને શું જમીન પર રાખે છે?**

મેં ક્યાંથી શરૂઆત કરી હતી તે યાદ રાખવું. નિષ્ફળતા, અનિશ્ચિતતાને યાદ રાખવું. હું મારી જાતને એવા લોકોથી પણ ઘેરી લઉં છું જે સાચું બોલે છે, જેઓ મને કહે છે કે હું ક્યારે ભટકી રહ્યો છું. હું સમય કાઢું છું, વાંચું છું, અવલોકન કરું છું, ચાલું છું, મિત્રો સાથે વાત કરું છું અને હું દરેક પ્રોજેક્ટને આદર સાથે વર્તુ છે - દરેક સીન, દરેક ક્રૂ મેંબર બસ આટલું જ. ●

# પિતા, પૈસા અને દિલ્હી ફરાવતી સિરીઝ જમુનાપાર-2

રિવ્યૂ

"જમુનાપાર" વેબ સિરીઝ 2024 માં રિલીઝ થઈ હતી. તે CA સ્ટુડન્ટ શાંતનુ બંસલ ઉર્ફે શંકી (ઋત્વિક સહોર) ની નજર દ્વારા દિલ્હીના જમુનાપાર વિસ્તારની પરિસ્થિતિ અને સ્ટ્રગલ વિષે હતી. સાઉથ દિલ્હી અને શહેરના બાકીના ભાગોથી અલગ આ વિસ્તાર ઓછો વિકસિત છે. સિરીઝની બીજી સીઝન રિલીઝ થઈ ગઈ છે. નવી સીઝન ત્યાંથી શરૂ થાય છે જ્યાં પાછલી સીઝન સમાપ્ત થઈ હતી. આ શોમાં લક્ષ્મી નગરમાં જન્મેલા અને ઉછરેલા શંકીના સંઘર્ષને બતાવવામાં આવ્યો છે. તે બે રસ્તાઓ વચ્ચે ફસાયેલો છે. એક રસ્તો નૈતિક મૂલ્યો પર છે, જે શંકીએ તેના પિતા પાસેથી શીખ્યા છે; બીજો રસ્તો તેની મહત્વાકાંક્ષાઓને પૂરી કરે છે, પરંતુ તેના સિદ્ધાંતો સાથે સમાધાન કરવાની કિંમતે. આ

શંકી બંસલનું CA લાઈસન્સ એક કૌભાંડને કારણે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. તે તેના પિતા (વરુણ બડોલા) ની કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં ભણાવે છે. પાછલી સીઝનમાં, શંકીનો તેના પિતા સાથેનો સંબંધ સારો ન હતો. દરમિયાન, આ સીઝનના શરૂઆતના એપિસોડમાં, બંને એકબીજાને સમજી રહ્યા છે અને સપોર્ટ સિસ્ટમ બની રહ્યા છે. તેમની નિકટતા એટલી વધી જાય છે કે એક સાંજે, તેઓ સાથે દારૂ પીતા જોવા મળે છે! શંકીનું CA લાઈસન્સ રીન્યુ થાય છે. તે ઈન્ટરવ્યૂ આપે છે, પરંતુ લાયસન્સ સસ્પેન્શનનું કલંક તેને નીરાશ કરે છે. આખરે, તે તેના પિતાને તેના કોચિંગ સેન્ટરમાં મદદ કરવાનું નક્કી કરે છે. જોકે, જ્યારે તે પાછો ફરે છે, ત્યારે કોચિંગ સેન્ટરમાં આગ લાગી જાય છે. આનાથી શંકી અને તેના પિતાનો સંઘર્ષ શરૂ થાય છે. ખંડેર કોચિંગ ઈન્સ્ટિટ્યૂટને નવું બનાવવાની જરૂર છે, પરંતુ પૈસા નથી. બંને પોતાના પૈસાની વ્યવસ્થા કરવા માટે નીકળી પડે છે, મદદ પણ લે છે. આ મુશ્કેલ સમયમાં, પિતા-પુત્રના સંબંધો, જે સુધારેલા હતા,




તે ફરી એકવાર દરાર આવે છે. શંકીને એક તરફ નાણાકીય જરૂરિયાતનો સામનો કરવો પડે છે અને બીજી તરફ નૈતિક સિદ્ધાંતો સાથે સંઘર્ષનો સામનો કરવો પડે છે. આ સંઘર્ષમાં, તે શૌકીન ભૈયા (વિજય રાઝ) ને મળે છે, જેની એન્ટ્રી સિરીઝ અને શંકીના લાઈફમાં વળાંક લાવે છે. આગળ શું થાય છે? શું પૈસાની શક્તિ જીતે છે કે નૈતિક મૂલ્યો? સિરીઝમાં જોઈ લેજો

શંકીની ભૂમિકા ભજવતા ઋત્વિક સહોરે જમનાપારના એક યુવાનની ભૂમિકાને સંપૂર્ણ ન્યાય આપ્યો છે. સંઘર્ષ, મહત્વાકાંક્ષા, લાગણીઓ અને કૌટુંબિક મૂલ્યો બધું જ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે. વરુણ બડોલા આ સિઝનમાં પિતાના પાત્રમાં એટલા જ પ્રભાવશાળી છે. તેણે પિતાની જવાબદારીઓ અને ચિંતાઓ અને સંવેદનશીલ કોચિંગ શિક્ષકની જવાબદારીઓને પણ સારી રીતે નિભાવી છે. વિજય રાઝે આ વખતે એક નવું કિરદાર ઉમેર્યું છે. અનુભા ફતેહપુરિયા, સૃષ્ટિ ગાંગુલી રિંદાની, દ્રુવ સેહગલ, અનુષ્કા કૌશિક અને અંકિતા સેહગલ પણ પોતપોતાની ભૂમિકાઓમાં પ્રભાવશાળી છે.

સિરીઝની બીજી સિઝન ડિરેક્શનની દ્રષ્ટિએ થોડી નબળી છે. કુલ 10 એપિસોડ છે. પહેલા બે એપિસોડ સારી રીતે આવે છે. જમનાપારમાં સામાન્ય પરિવારોની ઝલક બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એક પારિવારિક વાતાવરણ છે. જોકે, ત્રીજા એપિસોડથી વાર્તા એક અલગ વળાંક લે છે. ફેમેલી સિરીઝ અચાનક અભદ્ર બની જાય છે. શૌકીન ભૈયાની એન્ટ્રી પછી, એક અલગ સ્વર અને દિશા આવે છે. આગળ આવતા ડાયલોગને ઈયરફોનની જરૂર પડે છે. દિલ્હીમાં કચરાના પહાડોને કટાક્ષ રીતે દર્શાવવામાં આવ્યા છે. જો કે, કેટલાક દ્રશ્યો એવા છે જે જમનાપારના લોકોની લાઈફસ્ટાઈલ ની મજાક ઉડાવે છે. સિનેમેટોગ્રાફી સારી છે. યમુના નદીની દુર્દશા દિલ્હી મેટ્રોમાંથી દર્શાવવામાં આવી છે.

આ સિરીઝ એમેઝોન MX પ્લેયર પર ફ્રીમાં અવેલેબલ છે થોડી એડ્ડ્સ જોવી પડશે. જો તમે સાઉથ દિલ્હી અને અન્ય વિસ્તારોથી આગળ દિલ્હીની તસવીર જોવા માંગતા હો, તો તમે આ જોઈ શકો છો. ●

**જમુનાપાર 2**

**એકટરઃ** ઋત્વિક સહોર, વરુણ બડોલા, વિજય રાઝ, અનુભા ફતેહપુરિયા, સૃષ્ટિ ગાંગુલી રિંદાની, ધ્રુવ સહગલ અને અનુષ્કા કૌશિક

**રાઈટરઃ** ગૌરવ અરોરા અને જસમીત સિંહ ભાટિયા

**ડિરેક્ટરઃ** પ્રશાંત ભાગિયા

**સ્ટ્રીમિંગ :** એમેઝોન એમએક્સ પ્લેયર

**રેટિંગઃ** 2.5/5

# બીગબોસ હાઉસમાં શાંતિથી રહી ના શકો! લડાઇ તો કરવી જ પડે!

સ્મોલ સ્ક્રીન

ઘરમાં થોડા દિવસથી શાંતિ હતી. લોકો લડાઈના મૂડમાં જ ના હતા. બીગબોસ હાઉસમાં ગયા અઠવાડિયાથી જે કાઇ પણ બની રહ્યું છે તેમાં દર્શકોનું એન્ટરટેન્ટમેન્ટ થઈ રહ્યું છે પણ ઘરવાળા કંફ્યૂઝ હોય તેવું લાગે છે. અહીં જે લડાઈ થઈ તેની તો આગળ ચર્ચા કરીશું પણ પહેલા જે થયું અને તેનાથી ઘરના સદસ્યોમાં આવેલો બદલાવની વાત કરીએ. ફરહાના અને સેહબાઝની મસ્તી-મજાક દર્શકોને ખૂબ પસંદ આવી રહી હતી પણ વીકેન્ડ પર સલમાને જે ટાસ્કના નામ પર જે લડાઈ કરાવી તેનાથી આખા ઘરના સંબંધોની દીવાલોમાં તિરાડો જ નહીં દીવાલો જ પડી ભાંગી છે.

સલમાને કહ્યું કે ઘરમાં ચમચો કોણ છે? ત્યારે કુનિકા, ફરહાના, નેહલ વગેરેએ નિલમનું નામ લીધું. અને જ્યારે બીજા સદસ્યોએ મૃદુલનું પણ વારંવાર નામ લેવામાં આવ્યું. પણ શેહબાઝ તો શેહબાઝ છે ફરહાનાનું નામ લીધું અને બસ પછી જે થયું તે લડાઈની વાત કરીએ તે શેહબાઝ અને ફરહાનાએ 1-2 કલાક લડાઈ કરી. જેમાં કુનિકાનો નવો જ અંદાજ જોવા મળ્યો. તે કોઈ અગલ જ મિઝાઝમાં જોવા મળી. અત્યાર સુધી જે કાઇ પણ બોલી જતી, લડાઈ શરૂ કરીને મઝા લેવા બેસી જતી કુનિકાને હવે ઘરનું વાતાવરણ સમજાઈ ગયું છે. કુનિકાને હવે નિલમ સાથે કોઈને કોઈ બહાને લડાઈ કરવી છે. અને તે કરીને જ રહેશે.

જીશાંન કાદરીના જવાથી અમાલ, શેહબાઝને જ દુઃખ લાગ્યું છે સિવાય કોઈને થોડા ગુમસુમ તો હતા પણ કોઈ રિએક્શન આપવા તૈયાર ન હતા. પણ બાકી ઘરવાળાને કશો ફરક પડ્યો જ નથી. સિઝન હવે વધુ જામી છે. ખરાખરીનો ખેલ હવે જ શરૂ થશે. બીગબોસ હાઉસમાં જ્યારે જ્યારે લડાઈ ઓછી થતી જાઈ કે ઘરમાં શાંતિ દેખાઈ એટલે કોઈને કોઈ ટાસ્કના બહાને લડાઈ તો કરાવી જ દે તે છે બીગબોસ શોનો મૂળ હેતુ! ●

